# 19. માનવ વિકાસ

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો:**

**(1) માનવ વિકાસ આંકની ગણતરી કઈ રીતે કરાય છે?**

- સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) દ્વારા ઈ. સ. 2010થી માનવવિકાસ આંકની ગણતરી નીચે પ્રમાણે કરાય છે :

- **[1] અપેક્ષિત આયુષ્ય આંક (સરેરાશ આયુષ્ય) :**
  - → આરોગ્ય અને દીર્ઘાયુના માપન માટે બાળકના જન્મ સમયે તે કેટલાં વર્ષનું આયુષ્ય ભોગવી શકશે તેવી અપેક્ષાને **અપેક્ષિત આયુષ્ય આંક કહે છે.**
  - → તેમાં મહત્તમ 83.6 વર્ષ અને ન્યૂનતમ 20 વર્ષ નક્કી કરવામાં આવેલ છે.
  - → માનવવિકાસ અહેવાલ – 2015માં ભારતનો અપેક્ષિત આયુષ્ય આંક 68 વર્ષ છે.

- **[2] શિક્ષણ આંક (શિક્ષણ સંપાદન) :**
  - → શિક્ષણ આંકના બે પેટા નિર્દેશકો આ પ્રમાણે છે :
  - **(i) શાળાકીય સરેરાશ વર્ષો :**
    - → 25 વર્ષની પુખ્ત વ્યક્તિએ શાળામાં વિતાવેલાં વર્ષો.
    - → તેમાં ઉચ્ચતમ 13.3 વર્ષ અને ન્યૂનતમ શૂન્ય વર્ષ નક્કી કરેલ છે.
    - → માનવવિકાસ અહેવાલ – 2015 મુજબ ભારતના શાળાકીય સરેરાશ વર્ષો 5.4 વર્ષ છે.
  - **(ii) અપેક્ષિત શાળાકીય વર્ષો :**
    - → 5 વર્ષનું બાળક પોતાના જીવનમાં કેટલાં વર્ષો શાળામાં વિતાવશે તે વર્ષો.
    - → તેમાં ઉચ્ચતમ 18 વર્ષ અને ન્યૂનતમ શૂન્ય વર્ષ નક્કી કરેલ છે.
    - → ભારતનાં અપેક્ષિત શાળાકીય વર્ષો 11.7 વર્ષ છે.

- **[3] આવક આંક (જીવનધોરણ) :**
  - → જીવનનિર્વાહના માપન માટે માથાદીઠ કુલ ઘરેલુ પેદાશને માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક સાથે જોડવામાં આવે છે.
  - → માનવવિકાસ અહેવાલ – 2015માં ભારતની માથાદીઠ કુલ રાષ્ટ્રીય આવક 5497 $ અને માથાદીઠ કુલ ઘરેલુ પેદાશ 5238 $ છે.
  - → માથાદીઠ આવકની ગણતરી માટે જે તે દેશની આવકને અમેરિકાના ચલણ મૂલ્યમાં ગણવામાં આવે છે.
  - → તેને સમખરીદશક્તિ કહે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## (2) માનવ વિકાસ સામેના પડકારો જણાવો.

- **માનવ વિકાસની પ્રગતિ સામેના મુખ્ય ત્રણ પડકારો છે:**
  (1) સ્વાસ્થ્ય (આરોગ્ય) ક્ષેત્રે **પડકારો**
  (2) લૈંગિક સમાનતા (સ્ત્રી-પુરુષ સમાનતા) ક્ષેત્રે **પડકારો**
  (3) મહિલા સશક્તિકરણ ક્ષેત્રે **પડકારો**

- **[1] સ્વાસ્થ્ય (આરોગ્ય) ક્ષેત્રે પડકારો:**
- ભારતમાં પાણીજન્ય રોગો, શ્વસન રોગો તથા કુપોષણે વસતી માટે મુશ્કેલી ઊભી કરી છે.
- મહિલાઓ, બાળકો અને ગરીબ લોકો માટે પોષક તત્ત્વોની ખામી, મૂળભૂત ખનીજ તત્ત્વો અને વિટામિનો અને પ્રોટેનનીની ઊણપ બાળકો અને સ્ત્રીઓના અટકેલા કે અપૂરતા વિકાસ માટે મુખ્યત્વે જવાબદાર છે.
- પર્યાવરણીય પ્રદૂષણ અને ઝેરી પદાર્થોનો ઉદ્ભવ રોજિંદા જીવનમાં નવા પડકારો છે.
- વધતા શહેરીકરણે ગીચ વસવાટોમાં નવી આરોગ્ય સુવિધાઓ માટે સમસ્યાઓ જન્માવી છે.

- **[2] લૈંગિક સમાનતા (સ્ત્રી-પુરુષની સમાનતા) ક્ષેત્રે પડકારો :**
- ભારતમાં આજે પણ ઘણાં કુટુંબોમાં મહિલા ઘરકામ કરે, રસોઈ બનાવે કે બાળઉછેરનું કાર્ય કરે છે તેનો કોઈ હિસ્સો આર્થિક ઉપાર્જન કે રાષ્ટ્રીય આવકમાં ગણાતો નથી.
- ઘણાં કુટુંબોમાં સ્ત્રીઓને કોઈ નિર્ણય લેવાની સત્તા નથી.
- દીકરીઓને શૈશવકાળથી જ શિક્ષણ, આરોગ્ય અને આર્થિક અધિકારોથી વંચિત રાખવામાં આવે છે.
- દીકરા-દીકરીનાં કપડાંમાં, રમતોમાં, અભ્યાસની તકોમાં, ખોરાકમાં, હરવા-ફરવા, આચાર, વિચાર અને વ્યવહારમાં દીકરીને જુદી શિખામણ વગેરેમાં ભેદભાવ જોવા મળે છે.
- મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું હોવાથી તેમને બાળલગ્ન, દહેજપ્રથા, પડદાપ્રથા જેવા અનેક સામાજિક કુરિવાજોનો ભોગ બનવું પડે છે.
- ભારતમાં સ્ત્રીઓને આર્થિક, રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રે તકો અને નિર્ણયોની પ્રક્રિયામાં અસમાનતા પ્રવર્તે છે.
- ભારતની સંસદ, વિધાનસભાઓ, વરિષ્ઠ અધિકારીઓ, મૅનેજરો, કંપનીઓના ડિરેક્ટરો, વ્યાવસાયિક અને ટેક્નિકલ ક્ષેત્ર વગેરેમાં મહિલાઓનું ઓછું પ્રમાણ સ્ત્રી – પુરુષ વચ્ચેના ભેદભાવો સ્પષ્ટ કરે છે. ભારતની સંસદમાં મહિલા સાંસદોનું પ્રમાણ માત્ર 12.2% જેટલું જ છે.

- **[3] મહિલા સશક્તિકરણ ક્ષેત્રે પડકારો:**
- ભારતના મોટા ભાગનાં રાજ્યોમાં વિવિધ ક્ષેત્રે ઊંચાં પદો, ઊંચી આવક, વધુ લાભ, વધુ વેતન મળે એવાં તમામ કામો પર તેમજ ઉદ્યોગો, સરકારી કે અર્ધસરકારી નોકરીઓમાં પુરુષોનું વર્ચસ્વ જોવા મળે છે.
- મહિલાઓના ઘરેલુ કામને આર્થિક ઉપાર્જન કે રાષ્ટ્રીય આવકમાં ગણાતો નથી.
- ઘણાં કુટુંબોમાં સ્ત્રીઓને બોજારૂપ માનવામાં આવે છે, તેમને નિર્ણય લેવાની કોઈ સત્તા હોતી નથી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- અભ્યાસની તકોમાં અને વ્યાવસાયિક કામોમાં સ્ત્રીઓ પ્રત્યે લૈગિંક ભેદભાવ રાખવામાં આવે છે.
- સમાજની રૂઢિચુસ્તતા, રિવાજો, માન્યતાઓ, પરંપરાઓ વગેરેને લીધે તેમજ આર્થિક અને શિક્ષણિક પછાતપણાને લીધે સ્ત્રીઓને પુરુષો જેટલા અધિકારો મળ્યા નથી. પરિણામે તે સામાજિક કુરિવાજો અને અન્યાયોનો ભોગ બનતી આવી છે.
- સાક્ષરતાનું નીચું પ્રમાણ સ્ત્રીઓની પ્રગતિને અવરોધે છે.

### (3) ભારતમાં મહિલાઓ સાથે કેવા પ્રકારે ભેદભાવ જોવા મળે છે?

- ભારતમાં મહિલાઓ સાથે નીચે દર્શાવેલ પ્રકારે ભેદભાવ જોવા મળે છે:
- ભારતમાં આજે પણ ઘણાં કુટુંબોમાં મહિલા ઘરકામ કરે, રસોઈ બનાવે કે બાળઉછેરનું કાર્ય કરે છે તેનો કોઈ હિસ્સો આર્થિક ઉપાર્જન કે રાષ્ટ્રીય આવકમાં ગણાતો નથી.
- ઘણાં કુટુંબોમાં સ્ત્રીઓને કોઈ નિર્ણય લેવાની સત્તા આપવામાં આવતી નથી. તેમને અન્યાયનો ભોગ બનવું પડે છે.
- નાનપણથી જ છોકરીઓના આરોગ્યની પૂરતી કાળજી લેવામાં ન આવતા છોકરીઓના બાળમૃત્યુનો દર ઊંચો રહે છે.
- ભારતમાં શિક્ષણની તકો અને આર્થિક અધિકારોથી સ્ત્રીઓને વંચિત રાખવામાં આવે છે.
- ભારતીય સમાજમાં પુત્રજન્મનું વિશેષ મહત્વ હોવાથી સ્ત્રી-ભ્રૂણહત્યાનું પ્રમાણ વધ્યું છે.
- પુરુષપ્રધાન ભારતીય સમાજમાં શિક્ષણના અભાવે સ્ત્રીઓ પ્રત્યે ઓછો આદરભાવ રાખવામાં આવે છે.
- ભારતમાં સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ નીચું હોવાથી તેમને બાળલગ્ન, પડદાપ્રથા, દહેજપ્રથા અને અન્ય સામાજિક કુરિવાજોનો ભોગ બનવું પડે છે.
- ભારતીય સમાજમાં દીકરા-દીકરી વચ્ચે કપડાં, રમતો, અભ્યાસની તકો, ખોરાક, હરવું – ફરવું, આચાર – વિચાર અને વ્યવહાર તથા શિખામણ જેવી બાબતોમાં ભેદભાવ રાખવામાં આવે છે.
- મોટા ભાગની સ્ત્રીઓને માત્ર બાળઉછેર અને ઘરસંભાળ જેવી પ્રવૃત્તિઓ કરાવીને ઘરમાં જ ગોંધી રાખવામાં આવે છે.
- ભારતનાં મોટા ભાગનાં રાજ્યોમાં ઊંચા પદો, ઊંચી આવક, વધુ લાભ, વધુ વેતન મળે એવા ઉદ્યોગો અને નોકરીઓમાં પુરુષોનું જ વર્ચસ્વ છે.
- સંસદ, વિધાનસભાઓ, વરિષ્ઠ અધિકારીઓ, મૅનેજરો, કંપનીઓના ડિરેક્ટરો, વ્યવસાયિક અને ટેક્નિકલ ક્ષેત્રે મહિલાઓનું ઓછું પ્રમાણ વગેરેમાં સ્ત્રી – પુરુષ ભેદભાવ સ્પષ્ટ રીતે જોવા મળે છે.
- ભારતની સંસદમાં મહિલાઓનું પ્રમાણ માત્ર 12.2% જેટલું જ છે.

### (4) ભારતમાં સ્વાસ્થ્ય સુધારણા માટે થયેલી કામગીરી વર્ણવો.

- ભારતમાં સ્વાસ્થ્ય સુધારણા માટે થયેલી કામગીરી નીચે પ્રમાણે છે:
- વસ્તીનિયંત્રણ માટે ભારત સરકારે વસ્તીનિયમન નીતિ અને કુટુંબ કલ્યાણનો સ્વૈચ્છિક કાર્યક્રમ અમલમાં મૂક્યાં છે.
- બાળ રસીકરણ કાર્યક્રમમાં પોલિયો માટે ઓ.પી.વી., ક્ષય માટે બી.સી.જી., ઝેરી કમળા માટે હીપેટાઇટિસ-બી, ડિપ્થેરિયા – મોટી ઉધરસ – ધનુર માટે ડી.પી.ટી. જેવી રસીઓ આપવામાં આવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આ ઉપરાંત બાળકોને ઓરી, એમ.એમ.આર. અને ટાઇફૉઇડ વિરોધી રસીઓ આપવામાં આવે છે.
- આયોડિન, વિટામિન અને લોહતત્ત્વની ઊણપ માટે ઝુંબેશ ચલાવવામાં આવે છે.
- દેશમાંથી પ્લેગ, શીતળા, રક્તપિત્ત અને પોલિયો જેવા રોગો નિર્મૂળ કરી શકાયા છે.
- ઓરી, અછબડા, મલેરિયા, ડેન્ગ્યુ, કમળો, કોઢ, ક્ષય, મધુપ્રમેહ (ડાયાબિટીસ), કેન્સર, હૃદયરોગ જેવા રોગો પર નિયંત્રણ લાવી શકાયું છે.
- જન્મદર, મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં ઘટાડો થયો છે.
- દેશમાં સરેરાશ આયુષ્યમાં વધારો થયો છે.
- દેશના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પ્રાથમિક સારવાર કેન્દ્રો, જાહેર આરોગ્ય કેન્દ્રો અને હૉસ્પિટલો દ્વારા લોકોને સઘન તબીબી સારવાર આપવામાં આવે છે.

### (5) ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ કઈ યોજનાઓ અમલમાં મૂકેલ છે? સમજાવો.

- ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે નીચે પ્રમાણેની યોજનાઓ અમલમાં મૂકેલ છે :
- ગુજરાતમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના હેતુથી 'શાળા પ્રવેશોત્સવ' અને 'કન્યા – કેળવણી રથયાત્રા' જેવા કાર્યક્રમો અમલમાં મૂકાયા છે.
- રાજ્યમાં 35% થી ઓછો સ્ત્રી– સાક્ષરતા દર ધરાવતાં ગામો અને શહેરી વિસ્તારોમાં ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોની દીકરીઓને પ્રાથમિક અને માધ્યમિક શાળામાં પ્રવેશ મેળવતી વખતે 'વિદ્યાલક્ષ્મી બૉન્ડ' આપવામાં આવે છે.
- 'સરસ્વતી સાધના યોજના' અન્વયે દર વર્ષે 1.5 લાખ કન્યાઓને વિનામૂલ્યે સાઇકલો આપવામાં આવે છે.
- બહારગામ અભ્યાસ કરવા જતી કન્યાઓને એસ.ટી. બસમાં મફત મુસાફરીની સુવિધા આપવામાં આવે છે.
- કિશોરીઓને પોષણયુક્ત આહાર તેમજ તેમના કૌશલ્યના વિકાસ માટે સરકારે 'સબળા યોજના' અમલી બનાવી છે.
- ગુજરાત સરકારે મહિલાઓ માટે સરકારી નોકરીઓમાં 33 %અનામતી જોગવાઈ કરી છે તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા અનામતની ટકાવારી 33% થી વધારીને 50% કરવામાં આવી છે.
- શ્રમજીવીઓ અને નિરાધાર વૃદ્ધ મહિલાઓને પાછલી ઉંમરે જીવનનિર્વાહ માટે પેન્શન મળે અને તેમનું ભવિષ્ય સુરક્ષિત બને તે માટે 'રાષ્ટ્રીય સ્વાવલંબન યોજના' અમલમાં છે. આ ઉપરાંત, નિરાધાર મહિલાઓને આર્થિક સહાય પણ આપવામાં આવે છે.
- મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવા માટે સખીમંડળ દ્વારા સરકાર 'મિશન મંગલમ્' યોજના હેઠળ આર્થિક મદદ કરે છે.
- મહિલાઓના આરોગ્ય માટે 'ઈ–મમતા' કાર્યક્રમમાં મોબાઇલ ટેક્નોલૉજી દ્વારા સગર્ભા માતાઓની નોંધણી કરીને તેમને મમતા કાર્ડ આપવામાં આવે છે. માતાની નિયમિત આરોગ્ય તપાસ કરીને સારવાર તથા બાળકના જન્મ પછી રસીકરણ કાર્યક્રમ દ્વારા માતા અને બાળકની તંદુરસ્તીનો પૂરતો ખ્યાલ રાખવામાં આવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ‘બેટી બચાવો’ અભિયાન દ્વારા જાતિભેદ નાબૂદી માટે ‘બેટી બચાવો, બેટી વધાવો અને બેટી પઢાઓ’ અભિયાન ચલાવવામાં આવે છે.
- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સામાન્ય પરિવારોની પ્રસૂતિ મહિલાઓને ‘ચિરંજીવી યોજના’ અંતર્ગત પ્રસૂતિ, દવાઓ, લૅબોરેટરી તપાસ, ઑપરેશન વગેરે સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવાની જોગવાઈ કરેલ છે.

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

### (1) માનવવિકાસને માનવજીવનની કઈ કઈ બાબતો સાથે સંબંધ છે?

- સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (UNDP) મુજબ ‘માનવ વિકાસ એ માનવીની આકાંક્ષાઓ અને જરૂરી જીવનનિર્વાહની સુવિધાઓ વિસ્તારવાની પ્રક્રિયા છે.’
- માનવવિકાસ એ વિકાસની દિશામાં માનવ કેન્દ્રિત અભિગમ છે.
- દેશનો સર્વાંગીણ વિકાસ સાધીને નાગરિકોના જીવનધોરણની ગુણવત્તાને ઊંચે લઈ જવી તેમજ સૌ નાગરિકોના જીવનની તમામ તકોનું સર્જન કરવું, જેથી તેઓ સાર્થક, સફળ અને સર્જનાત્મક જીવન જીવી શકે એ માનવવિકાસનો મુખ્ય ઉદ્દેશ છે.
- દેશના માત્ર આર્થિક વિકાસથી જ માનવવિકાસ થઈ શકે નહિ.
- માત્ર વ્યક્તિની માથાદીઠ આવક નહિ, પરંતુ આવકનો ઉપયોગ શી રીતે કરવો તેના પર માનવવિકાસ આધારિત છે.
- માનવવિકાસના ચાર આવશ્યક સ્તંભો નીચે મુજબ છે:

  (1) સમાનતા

  (2) સ્થિરતા

  (3) ઉત્પાદકતા

  (4) સશક્તિકરણ

### (2) ભારત સરકારની મહિલા કલ્યાણકારી યોજનાઓને ક્રમિક રીતે જણાવો.

- ભારતમાં મહિલાઓને પુરુષ – સમાન દરજ્જો, શિક્ષણ, મહિલાઓને એક સ્વતંત્ર જૂથ માનીને મહિલા વિકાસ સંબંધિત અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે, જે નીચે પ્રમાણે છે :
- ઈ. સ. 1992માં કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય મહિલા આયોગની રચના કરી.
- ઈ. સ. 2001માં કેન્દ્ર સરકારે મહિલા સશક્તીકરણ રાષ્ટ્રીય નીતિ 2001 અમલમાં મૂકી.
- આ નીતિ મુજબ મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા સામર્થ્ય નિર્માણ, રોજગાર, આર્થિક ઉપાર્જન, કલ્યાણ તેમજ સહાયક સેવાઓ અને જાતીય સંવેદનશીલતાનાં ક્ષેત્રોમાં વિવિધ કામગીરી કરવામાં આવે છે.
- કુટુંબની માલ-મિલકતમાં સમાન હિસ્સો મળે એ માટે કાયદો સુધારવામાં આવ્યો છે.
- મહિલા સુરક્ષા અંતર્ગત વિવિધ પ્રકારની હિંસાથી પીડિત તેમજ પોતાના વિકાસ માટે જરૂરી

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

માર્ગદર્શન મેળવવા માગતી મહિલાઓને માત્ર એક જ ફોન કોલથી મદદ મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા 181 અભયમ્ યોજના શરૂ કરાઈ છે.

- ગરીબ મહિલાઓ સરળતાથી ન્યાય મેળવી શકે તે માટે દેશમાં નારી અદાલતો સ્થપાઈ છે.
- મહિલાઓના શારીરિક, માનસિક અને જાતીય શોષણ સામે રક્ષણ માટે સરકાર જાગૃત બની છે.
- મહિલાઓના સામાજિક, કાનૂની અને રોજગાર સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે મહિલા કલ્યાણ કેન્દ્રોની રચના કરવામાં આવેલ છે.
- સરકારી કચેરીઓમાં, ખાનગી વ્યવસાય અને ઘરનોકર તરીકે કાર્ય કરતી મહિલાઓને જાતીય સતામણી ના થાય અને તેઓ સ્વતંત્ર રીતે કામકાજ કરી શકે તે માટે સાંસદો કાયદો પસાર કરીને તેમને સુરક્ષા બક્ષી છે.

### (3) 'અભયમ્ યોજના' શું છે? સમજાવો.

- '181 અભયમ્ યોજના' એ ગુજરાત સરકારે મહિલાઓ માટે અમલમાં મૂકેલી યોજના છે.
- મહિલા સુરક્ષા અંતર્ગત વિવિધ પ્રકારની હિંસાથી પીડિત તેમજ પોતાના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન મેળવવા માગતી મહિલાઓને માત્ર એક જ ફોન કોલથી મદદ મળી રહે છે.
- આ માટે મહિલાએ 181 નંબર ડાયલ કરવાનો રહે છે.
- તે 24 x 7 મહિલા હેલ્પલાઇન છે.

### (4) આપણી આસપાસમાં જોવા મળતી કઈ કઈ બાબતો દેશના માનવવિકાસ આંકને અસર કરે છે?

- આપણી આસપાસ જોવા મળતી નીચેની બાબતો દેશના માનવવિકાસ આંકને અસર કરે છે :
- અપૂરતા પોષણવાળી સગર્ભા માતા.
- ઓછા વજનવાળા બાળકનો જન્મ.
- કુપોષણવાળું બાળક.
- આંગણવાળી કે શાળાએ ન જતું બાળક.
- વાંચતાં – લખતાં ન આવડતું હોય એવી શાળાએ જતું બાળક.
- અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધું એવું બાળક.
- દીકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે ન મોકલતાં કુટુંબો.
- બેરોજગાર શિક્ષિત અને અશિક્ષિત યુવાનો.
- અકસ્માતમાં અકાળે અવસાન પામતી વ્યક્તિ.
- ગંભીર બીમારીઓથી પીડાતી વ્યક્તિઓ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો:

### (1) માનવવિકાસ એટલે શું?

- માનવવિકાસ એટલે –
- માનવીને પોતાનાં રસ, રુચિ, આવડત, બુદ્ધિક્ષમતા અનુસાર સફળ અને સર્જનાત્મક જીવન જીવવામાં સહાયક બને.
- માનવ ક્ષમતાઓનું નિર્માણ થાય, સમાનતા પ્રાપ્ત થાય, વિવિધ ક્ષેત્રોમાં પસંદગીઓનો વ્યાપ વધે.
- માનવી તંદુરસ્ત, આરોગ્યમય, સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન જીવે.
- માહિતી ને શિક્ષણ દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ કરે.
- આર્થિક ઉપાર્જનની તકો પ્રાપ્ત થાય.
- ઊંચા જીવનધોરણ માટે કુદરતી સંસાધનોની સમાન રીતે ઉપલબ્ધ બને.
- ગુણવત્તાસભર જીવનશૈલી પ્રાપ્ત થાય.
- ગંદકીનો યોગ્ય નિકાલ થાય અને સ્વાસ્થ્ય સંબંધી પરિસ્થિતિ સુધરે.
- વ્યક્તિગત અને સામાજિક સુરક્ષાની પ્રાપ્તિ થાય.
- માનવ અધિકારોનો ઉપયોગ કરે.

### (2) માનવવિકાસ આંકના માપનની નવી પ્રવિધિમાં કયા કયા નિર્દેશકોનો ઉપયોગ કરાય છે?

- માનવવિકાસ આંક માપનની નવી પ્રવિધિ ઈ. સ. 2010થી અમલમાં આવી છે. આ નવી પ્રવિધિમાં નીચેના ત્રણ નિર્દેશકોનો ઉપયોગ કરવામાં આવે છે :

  1. અપેક્ષિત આયુષ્ય આંક (સરેરાશ આયુષ્ય)
  2. શિક્ષણ આંક (શિક્ષણ સંપાદન)
  3. આવક આંક (જીવનધોરણ)

### (3) માનવવિકાસ અહેવાલ 2015 મુજબ ભારતનો માનવ વિકાસ આંક કેટલો અને કયા ક્રમ છે?

- માનવવિકાસ અહેવાલ – 2015 મુજબ ભારતનો માનવવિકાસ આંક 0.609 છે અને ક્રમ 130 છે.

### (4) ભારતના કયા પાડોશી દેશો માનવવિકાસ આંકમાં ભારતથી આગળ છે?

- ભારતના પાડોશી દેશો શ્રીલંકા, ચીન અને માલદીવ માનવવિકાસ આંકમાં ભારતથી આગળ છે.

### (5) બાળરસીકરણ કાર્યક્રમમાં બાળકોને કઈ કઈ રસી આપવમાં આવે છે?

- બાળ – રસીકરણ કાર્યક્રમમાં બાળકોને પોલિયો માટે ઓ.પી.વી. રસી, ક્ષય માટે બી.સી.જી. રસી, ઝેરી કમળા માટે હીપેટાઈટિસ-બી રસી, ડિફ્થેરિયા – મોટી ઉધરસ – ધનુર માટે ડી.પી.ટી. રસી તેમજ ઓરી, એમ.એમ.આર. અને ટાઇફોઇડ વિરોધી રસી આપવમાં આવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

પ્રશ્ન 4: દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો:

(1) માનવ વિકાસ માટે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કઈ સંસ્થા કામ કરે છે?

(A) UNESCO
(B) UNICEF
(C) FAO
(D) UNDP

(2) નીચેના દેશોમાં સૌથી ઊંચો માનવ વિકાસ આંક ધરાવતો દેશ કયો છે?

(A) ભારત
(B) નાઈઝર
(C) નૉર્વે
(D) બ્રાઝીલ

(3) નીચેના દેશોને માનવ વિકાસ આંકમાં ઉતરતા ક્રમે ગોઠવતાં કઈ જોડ સાચી બનશે?

(A) ભારત, શ્રીલંકા, નેપાળ, ભુતાન
(B) શ્રીલંકા, ભુતાન, ભારત, નેપાળ
(C) શ્રીલંકા, ભારત, ભુતાન, નેપાળ
(D) શ્રીલંકા, ભારત, નેપાળ, ભુતાન

(4) ભારતમાં મહિલા સશક્તિકરણ વર્ષ તરીકે કયા વર્ષને ઉજવવામાં આવેલ?

(A) 1975
(B) 2002
(C) 1985
(D) 1999

(5) ભારતીય મૂળના કયા અર્થશાસ્ત્રીને નોબેલ પારિતોષિક મળેલ છે?

(A) મહબૂબ ઊલ હક
(B) અમર્ત્ય સેન
(C) રવીન્દ્રનાથ ટાગોર
(D) સી. વી. રામન

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in